॥ श्री ॥

॥ सामायिक व्रत ॥

(મૂલ પાઠ તથા અર્થ અને વિધિ સહિત)

દરિયાપુરી ગચ્છના સજ્જનોને સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

પારેખ, પાનાચંદ ઝવેરચંદ.

अमदावाद

યુનિયન પ્રિંટિંગ પ્રેસમાં

શા. ઘેલાભાઈ નરસિંહદાસે છાપ્યું.

સને ૧૮૮૯.   સંવત ૧૯૪૫.

કિંમત ફક્ત ૧ આનો.

॥ श्री ॥

॥ सामायिक व्रत ॥

(મૂલ પાઠ તથા અર્થ અને વિધિસહિત)

દરિયાપરી ગચ્છના સજ્જનોને માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પારેખ, પાનાચંદ ઝવેરચંદ.

अमदावाद

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં

શા. ઘેલાભાઈ નરસિંહદાસે છાપ્યું.

સને ૧૮૮૯. સંવત ૧૯૪૫.

કિમ્મત ફક્ત ૧ આનો.

અનુક્રમણિકા. પૃષ્ઠાંક.

શુદ્ધિ પત્ર.

પૃષ્ટ.	ઓલ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૧૨	નિર્વત્તવાને	નિવર્ત્તવાને
૯	૮	આગળ	આગલ
૧૩	૨૦	મુહર્ત્ત	મુહૂર્ત્ત
૧૬	૧૨	કલમ	કમલ
૨૫	૬	ભવ	ભય
૨૭	૧૪	આંગળિયોના	આંગલિયોના
૩૦	૨	સમાધીન	સમાધાન

श्री
वीतरागाय नमः

અથ શ્રી સામાયિક સૂત્ર મૂલપાઠ તથા અર્થ અને વિધિ સહિત લખ્યું છે. આ પુસ્તકને ઉઘાડે મ્હોડે વાંચવું નહિં; અર્થાત્ મ્હોડે યત્ના રાખીને વાંચવું એવી મારી વિનંતિ છે.

પાઠ ૧ લો. નમોક્કાર.

નમો અરિહંતાણં ॥૧॥—કે૦ નમસ્કાર હોજ્યો કર્મ રૂપ વૈરિને હણ્યા છે જેને એવા શ્રી અરિહંત તેમને.

નમો સિદ્ધાણં ॥ ૨॥—કે૦ નમસ્કાર હોજ્યો સિદ્ધ ગતિને વિષે પોંહોચાછે તેમને.

નમો આયરિયાણં॥૩॥—કે૦ નમસ્કાર હોજ્યો આચાર્ય મહારાજ છત્રીશ ગુણે કરી સહિત છે તેમને.

નમો ઉવજ્ઝાયાણં ॥૪॥—કે૦ નમસ્કાર હોજ્યો ઉપાધ્યાય મહારાજ પચ્ચિશ ગુંણે કરી સહિત છે તેમને.

નમોલોએ સવ્વ સાહૂણં॥૫॥—કે૦ નમસ્કાર હોજ્યો લોકને વિષે સર્વ સાધુ મુનિરાજ સત્તાવીશ ગુંણેકરી સહિત વિચરેછે તેમને.

પૂર્વે કહ્યા એવા જે પાંચ નવકાર તે પંચ પરમેષ્ટિને નમસ્કારરૂપ મહામંત્ર જાણવા.

પાઠ ૨ જો. તિખ્ખુત્તો.

તિખ્ખુત્તો—કે૦ ત્રણવાર.

આયાહિણં—કે૦ ગુરૂ આદિકના દક્ષિણ(જમણા) પાસાથી અથવા દક્ષિણ કાંનથી આદ્ય માંડીને.

પયાહિણં—કે૦ પ્રદક્ષિણા કરવી તે એમકે પોતાના બે હાથ જોડી ગુરૂઆદિકના જમણા પાસાથી (જોડેલા બે હાથ) ફેરવી. ફરી તેજ ઠેકાણે આંણવા. તેને એક પ્રદક્ષિણા કરી કહેવાય. એવી રીતે ત્રણ પ્રદક્ષિણા કરવી.

વંદામિ—કે૦ વાંદુચ્છું અર્થાત્ વંદણા કરૂંછું.

નમંસામિ—કે૦ નમસ્કાર કરૂંછું.
સક્કારેમિ—કે૦ સત્કાર દેઊંછું.
સમ્માણેમિ—કે૦ સન્માન દેઊંછું.
કલ્લાણં—કે૦ કલ્યાણ કારીછો.
મંગલં—કે૦ ઉત્કૃષ્ટ માંગલિક કારીછો.
દેવયં—કે૦ દેવછો. અથવા દેવ સમાનછો.
ચેઇયં—કે૦ જ્ઞાનવંતછો.
પજ્જુવા સામિ—કે૦ પર્યૂપાસના કરૂંછું.
મથ્થએણ વંદામિ—કે૦ મસ્તક નમાવીને વંદણા કરૂંછું.

પાઠ ૩ જો ઇરિયાવહિ.

ઇચ્છામિ—કે૦ ઇચ્છુંછું. વાંછુંછું.
પડિક્કમિઉં—કે૦ પ્રતિક્રમવાને નિર્વત્તવાને.
ઇરિયા વહિયાએ—કે૦ ચાલવાના પંથને વિષે.
વિરાહણાએ—કે૦ કોઈ જીવની વિરાધના થઈ હોય તે
વિરાધના કેવી રીતે થઇ હોય તે કહેછે.
ગમણાગમણે—કે૦ પોતાના સ્થાનકથી જતાં અને પર
સ્થાનકથી આવતાં, હવે શું કરવાથી વિરા-
ધના થઈ હોય તે કહેછે.
પાણ ક્કમણે—કે૦ પ્રાણી જીવને ચાંપવા થકી.
બીય ક્કમણે—કે૦ બીજને ચાંપવા થકી.

હરિય ક્કમણે—કે૦ વનસ્પતિને ચાંપવા થકી.

ઉસા ઉત્તિંગ—કે૦ આકાશ થકી સૂક્ષ્મ અપ્કાય પડેછે તે તથા ભૂઆ અને કીડિ પ્રમુખનાં દર.

પણગ દગ—કે૦ પંચવર્ણી લીલફૂલ તથા સચિત્ત પાંણી.

મટ્ટિ મક્કડા—કે૦ સચિત્ત માટી તથા કરોલીયાનાં પડ.

સંતાણા સંક્કમણે—કે૦ જાલ અને પડ એ સર્વેને ચાંપવા થકી.

જે મે જીવા—કે૦ જે કોઇ જીવ મેં વિરાધ્યા હોય. ઇહાં **વિરાહિયા** એમ સામાન્ય કહ્યું પણ વિસ્તારે ન કહ્યું માટે આગલ વિસ્તારે કહેછે.

એગિંદિયા—કે૦ એકેંદ્રિય તે પૃથવી આદિક પાંચ સ્થાવર જીવ.

બેઇંદિયા—કે૦ બેઇંદ્રિય તે શરીર અને મુખ વાલા જીવ.

તેઇંદિયા—કે૦ તેઇંદ્રિય તે શરીર મુખ અને નાસિકાવાલા જીવ.

ચઉરિંદિયા—કે૦ ચઉરેંદ્રિય તે શરીર મુખ નાસિકા અને આંખોવાલા જીવ.

પંચિંદિયા—કે૦ પંચેંદ્રિય તે શરીર મુખ નાસિકા આંખો અને કાંનવાલા જીવ તેને.

અભિહયા—કે૦ સામા આવતા હણ્યા હોય.

વત્તિયા—કે૦ વાટલા અથવા ઢગલા કીધા હોય.

લેસિયા—કે૦ ભૂંઇ તથા ભીંત સાથે મસલ્યા હોય.
સંઘાઇયા—કે૦ માંહોમાંહે શરીરે શરીર મેલવ્યાં હોય.
સંઘટ્ટિયા—કે૦ સંઘટ્ટો કરી પીડા ઉપજાવી હોય.
પરિયાવિયા—કે૦ પરિતાપ ઉપજાવ્યો હોય.
કિલામિયા—કે૦ કિલામના ઉપજાવી હોય.
ઉદ્દવિયા—કે૦ ત્રાશ પમાડ્યો હોય અર્થાત્ ધ્રાશકો પાડ્યો હોય.
ઠાણાઓ ઠાણં—કે૦ એક સ્થાનકથી ઉપાડીને બીજે સ્થાનકે
સંકામિયા—કે૦ સંક્રમાવ્યા અર્થાત્ મુક્યા હોય.
જીવિયાઓ વવરોવિયા—કે૦ જીવિતવ્ય થકી ચૂકાવ્યા અર્થાત્ માર્યા હોય. એ અભિહયા ઈત્યાદિકે કરી જે એકેંદ્રિયાદિક જીવોની વિરાધના થઈ હોય.
તસ્સ મિચ્છા મિદુક્કડં—કે૦ તે સંબંધિ જે અતિચાર લાગ્યા તેને દુષ્કૃત્ય એટલે પાપ કહિયે. તે દુષ્કૃત્ય મહારા મન વચન અને કાયાયે કરી નિષ્ફળ થાઓ.

પાઠ. ૪ થો. તસ્સ ઊત્તરી.

હવે એવીરીતે આલોવતાં પડિક્કમતાં પણ જેકાંઇ પાપ સહિત આત્મા રહ્યો હોય.

તસ્સ ઊત્તરી કરણેણં—કે૦ તેનેજ વલી વિશેષે શુદ્ધ કરવા ભણી.

પાયચ્છિત્ત કરણેણં—કે૦ પ્રાયશ્ચિત્ત કરવા ભણી અથવા પાપને છેદવા ભણી.

વિસોહી કરણેણં—કે૦ આત્માને વિશુદ્ધ કરવા ભણી.

વિસલ્લી કરણેણં—કે૦ આત્માને સલ્ય રહિત કરવા ભણી તે સલ્ય યથાનુક્રમેં કહેછે. ૧ માયા સલ્ય. ૨ નિયાણ સલ્ય. ૩ મિથ્યાત્વ સલ્ય એ ત્રણે સલ્યને ટાલવા ભણી.

પાવાણં કમ્માણં—કે૦ પાપ કર્મને.

નિગ્ઘાયણટ્ઠાએ.—કે૦ ઊચ્છેદન કરવાને અર્થાત્ ટાળવાને અર્થે.

ઠામિ કાઊસ્સગ્ગં—કે૦ એક સ્થાનકે રહી કાયોત્સર્ગ કરૂંછું. એ પદેંકરી એવી પ્રતિજ્ઞા કરીકે કાયાનો વ્યાપાર નકરૂં. તો હવે બીજો શરીરનો કોઇ પણ વ્યાપાર કર્યાથી પ્રતિજ્ઞાનો ભંગ થાય તે માટે કાઊસ્સગ્ગમાં નીચેં કહેલા આગાર મોકલા રાખ્યાછે તે આગારેં કરી કાઊસ્સગ્ગનો ભંગ ન થાય તે કહેછે.

અન્નત્થ ઊસસિએણં—કે૦ અન્યત્ર તે બીજે ઠામે એટલે હવે જે ઉચ્છ્વાસાદિક આગારો કહેશે તે આગાર વર્જીને બીજે સ્થાનકે કાયાનો વ્યાપાર કરવાનો નિયમ કરૂં છું. હવે તે આગારોનાં નાંમ કહેછે. મુખે તથા નાસિકાએ કરી ઊંચો શ્વાસ લેતાં મ્હારો કાઊસ્સગ્ગ ભંગ ન થાય એમ આગલ પણ સર્વ પદે જાણી લેવું.

નીસસિએણં—કે૦ મુખે તથા નાસિકાએ નીચો શ્વાસ મુકવા થકી.

ખાસિએણં—કે૦ ખાંસી અર્થાત્ ઊધરસ આવવા થકી.

છીએણં—કે૦ છીંક આવવા થકી.

જંભાઇએણં—કે૦ બગાસુ આવવા થકી.

ઊડ્ડુએણં—કે૦ ઓડકાર આવવા થકી.

વાય નિસગ્ગેણં—કે૦ અધોદ્વાર સંચરવા થકી.

ભમલિએ—કે૦ ભ્રમરી ચક્રી અકસ્માત્ ફેર આવવા થકી.

પિત્ત મુચ્છાએ—કે૦ પિત્તના પ્રકોપે કરી મૂર્ચ્છા આવવા થકી

સુહુમેહિં અંગસંચાલેહિં—કે૦ સૂક્ષ્મ જે અંગનો સંચાર તે હાલવા થકી.

સુહુમેહિં ખેલસંચાલેહિં—કે૦ સૂક્ષ્મ શ્લેષ્માદિક સંચરવા થકી.

સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં—કે૦ સૂક્ષ્મ જે દૃષ્ટિનો સંચાર મિષોન્મિષાદિકે ચક્ષુના હાલવા થકી.

એવમાઇએહિં—કે૦ જે પૂર્વોક્ત બાર આગાર કહ્યા તે આદ દેઈને અહિં આદિ શબ્દ થકી બીજા પણ.

આગારેહિં—કે૦ આગાર ગુરુ આમ્નાયથી જાણી લેવા એ સર્વે આગારેં કરી.

અભગ્ગો—કે૦ સર્વથા મહારો કાઉસ્સગ્ગ ભાગે નહિં.

અવિરાહિયો—કે૦ થોડોશો દેશથી પણ વિરાધના રહિત.

હુજ્જમે—કે૦ માહારે હોજ્યો.

કાઉસ્સગ્ગો—કે૦ કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ) હવે એ કાઉસ્સગ્ગનો વખત આંકેછે. એટલે એ કાઉસ્સગ્ગ કેટલી વાર સુધિ હોય તે કહેછે.

જાવ અરિહંતાણં—કે૦ જ્યાંલગે શ્રી અરિહંત.

ભગવંતાણં—કે૦ ભગવંત પૂજ્ય તેને.

નમોક્કારેણં—કે૦ નમો અરિહંતાણં ઇત્યાદિક પદનો ઉચ્ચાર કરી.

નપારેમિ—કે૦ કાઉસ્સગ્ગ ન પારૂં.

તાવકાયં—કે૦ ત્યાંસુધી મહારી કાયાને અર્થાત્ શરીરને.

ઠાણેણં—કે૦ એક સ્થાનકે સ્થિર રાખીને.

મોણેણં—કે૦ મૌનપણે કરીને અર્થાત્ વચનને રૂંધવે કરીને.

ઝાણેણં—કે૦ ધ્યાનતે ધર્મને વિષે મનનું સ્થિરપણું કરીને.

અપ્પાણં વોસિરામિ—કે૦ આત્માને અથવા મહારી કાયાને વોસિરાવુછું એટલે તજુછું.

ઇહાં ઇરિયાવહિને એક નવકારનો કાઉસ્સગ્ગ મનમાં (જીભ તથા હોઠ હલાવ્યા વિના) કરવો અને કાઉસ્સગ્ગ પૂરો થયા પછી નમો અરિહંતાણં કહિને કાઉસ્સગ્ગ પારનો ને કાઉસ્સગ્ગ પારયા પછી લોગસ્સનો પાઠ પ્રગટ કહેવો. હવે આગળ કહેશે તે લોગસ્સની સાત ગાથાઓ છે તે કહેછે.

પાઠ ૫ મો લોગસ્સ.

અનુષ્ટુપવૃત્તમ્.

લોગસ્સ ઉજ્જોય ગરે,—કે૦ લોકનુંસંપૂર્ણ સ્વરુપ તેને ઉદ્યોતના કરનાર અર્થાત્ પ્રકાશના કરનાર.

ધમ્મ તિથ્થયરે જિણે,—કે૦ ધર્મમાંહે ચ્યાર તીર્થના કરનાર અને રાગ દ્વેષના જીતનાર એવા જિનેંદ્ર.

અરિહંતે કિત્તઇસ્સં,—કે૦ કર્મરુપ વૈરિને હણ્યાછે જેને એવા શ્રી અરિહંત તેમનું કીર્ત્તન કરીશ.

ચઉવિસંપિ કેવલી॥૧॥—કે૦ ચોવીસ તીર્થંકરનુંતો નાંમ ઉચ્ચારણ પૂર્વક્ કીર્ત્તન કરીશ અને અપિ શબ્દ થકી અન્ય તીર્થંકરોનું

પણ કીર્ત્તન કરીશ તે તીર્થંકર કેવા છે તોકે ઉત્પન્ન થયુંછે કેવલજ્ઞાન જેમનેં એવાનું કીર્ત્તન કરીશ હવે કીર્ત્તન કરતો છતો આગલી ત્રણ ગાથાયે કરી ચોવીસે તીર્થંકરોનાં નામ કહે છે.

આર્યાવૃત્તમ્.

ઉસભ મજિયંચ વંદે,—કે૦ શ્રીરિષભદેવ ॥૧॥ અને શ્રીઅજિતનાથ ॥૨॥ તે પ્રત્યે હું વાંદુછું વલી.

સંભવ મભિનંદ ણંચ સુમઇંચિ,—કે૦ શ્રીસંભવનાથ ॥૩॥ શ્રીઅભિનંદના ॥૪॥ તેપ્રત્યેં વલી. શ્રીસુમતિનાથ ॥૫॥ તે પ્રત્યે વલી.

પઉમપ્પહં સુપાસં,—કે૦ શ્રી પદ્મપ્રભસ્વામિ ॥૬॥ શ્રીસુપાર્શ્વ નાથ ॥૭॥ તે પ્રત્યે.

જિણંચ ચંદપ્પહંવંદે ॥૨॥—કે૦ કર્મશત્રુને જીતનાર એવા વલી શ્રીચંદ્રપ્રભસ્વામિ ॥૮॥ તે પ્રત્યે હું વાંદુછું.

સુવિહિંચ પુપ્ફદંતં,—કે૦શ્રીસુવિધિનાથ વલી એમનું બીજું નામ પુષ્પદંત સ્વામિછે તેપ્રત્યે ॥૯॥

સીયલ સિજજંસ વાસુપુજજંચ,—કે૦ શ્રીશીતલનાથ ॥૧૦॥ શ્રીશ્રેયાંસનાથ ॥૧૧॥ શ્રીવાસુપૂજ્ય ॥ ૧૨ ॥ તે પ્રત્યે વલી.

વિમલ મણંતં ચજિણં,—કે૦ શ્રીવિમલનાથ ॥૧૩॥ શ્રી-
અનંતનાથ ૧૪ તેપ્રત્યે વલી ક-
ર્મશત્રુને જીતનાર એવા.

ધમ્મં સંતિચ વંદામિ॥૩॥—શ્રીધર્મનાથ ॥૧૫॥ શ્રીશાંતિ-
નાથ ॥૧૬॥ તેપ્રત્યેં વલી વાંદુછું.

કુંથુ અરંચમલ્લિં,—કે૦ શ્રીકુંથુનાથ॥૧૭॥ શ્રીઅરનાથ તે
પ્રત્યે ॥૧૮॥ વલી શ્રીમલ્લિનાથ ॥૧૯॥
તે પ્રત્યે.

વંદે મુણિસુવ્વયં—કે૦ વાંદુછું શ્રીમુનિસુવ્રતસ્વામિ ॥૨૦॥

નમિ જિણંચ, શ્રીનમિનાથ ॥૨૧॥ તેપ્રત્યે વલી.

વંદામિ રિટ્ઠનેમિં,—કે૦ વાંદુછું શ્રીઅરિષ્ટનેમિનાથ અર્થાત
શ્રીનેમિનાથ॥૨૨॥ તેપ્રત્યે.

પાસં તહ વદ્ધમાણંચ॥૪॥—કે૦ શ્રીપાર્શ્વનાથ ॥૨૩॥ તથા
શ્રીવર્દ્ધમાનસ્વામિ અર્થાત્ મહા
વીરસ્વામિ ॥૨૪॥ તેપ્રત્યે હું વાંદુ
છું, આ ગાથામાં જે છેલ્લો ચકા
રછે તે પાદપૂર્ણાર્થછે અહિં ત્રણ
ગાથાયે કરીને શ્રીરિષભાદિક
ચોવીસે તીર્થંકરોને વંદણા કરી

એવંમયે અભિથ્થુયા,—કે૦ એણેપ્રકારે મેં જે નામ પૂર્વક્
સ્તવ્યા તે ચોવીસે પરમેશ્વર કેવા-
છે તોકે.

વિહુય રયમલા પહી— કે૦ ટાલ્યાછે કર્મરુપ રજ અને ક-
ણ જરમરણા, ર્મરુપ મલ જેને અને ક્ષય કર્યાછે જરા અને મરણ જેને.

ચઊવીસંપિ જિણવરા,—કે૦ પૂર્વોક્ત ચોવીસે જિનવર ગયેકાલે થયા અને અપિ શબ્દ થકી બીજાપણ તીર્થંકર પૂર્વવત્ લેવા તે સામાન્ય કેવલીને વિષે પ્રધાન શ્રેષ્ટ એવા શ્રીજિનવર.

તિથ્થયરા મે પસીયંતુ ॥૫॥—કે૦ તીર્થંકરો તે મુજને પ-સન્ન થાઓ.

કિત્તિય વંદિય મહિયા,—કે૦ નાંમેકરી કિર્ત્યા અને મન વચન અને કાયાના શુભ યોગે કરી વાંધા અને શુભ ધ્યાનેં કરી પૂજ્યા

જે એ લોગસ્સ ઊત્ત— કે૦ જે એ તીર્થંકર કહ્યા તે કેવાછે
મા સિદ્ધા, તોકે લોકને વિષે અર્થાત્ અઢીદ્વીપને વિષે ઊત્તમ પ્રધાન એવા સિદ્ધ થયા એવા હે ઊત્તમ સિદ્ધભગવંત તમે મુજને

આરૂગ્ગ બોહિલાભં,—કે૦ આરોગ્યતા એટલે સિદ્ધપણું તે સિદ્ધપણું સમકિત રુપ બોધિબીજ-નો લાભ થવાને અર્થે.

સમાહિવર મુત્તમં—કે૦ ઊત્કૃષ્ટ પ્રધાન એવીજે ભાવ સ-
દિંતુ ॥૬॥ માધિ તે દ્યો અર્થાત્ આપો.
ચંદેસુ નિમ્મલયરા,—કે૦ ચંદ્ર સમુદાય તે થકી પણ અ-
ત્યંત નિર્મલ અને.
આઇચ્ચેસુ અહિયં—કે૦ આદિત્ય એટલે સૂર્ય સમુદાય તે-
પયાસયરા, થકી પણ અધિક પ્રકાશના કરનાર.
સાગર વરગંભીરા,—કે૦ પ્રધાન એવોજે સ્વયંભૂરમણ
નામા સમુદ્ર તેનીપેરે ગંભીર એવાજે.
સિદ્ધાસિદ્ધિં મમંદિસંતુ॥૭॥—કે૦ અષ્ટકર્મ રહિત સિદ્ધ તે
સિદ્ધિ એટલે મુક્તિ તે મુ-
ઝને દ્યો અર્થાત્ આપો.

ઇહાં કણે ઉભા થઈ પંચ અંગ નમાવી તિખ્ખુત્તોના પાઠની વિધિ સહિત ત્રણવાર વંદણા કરીને શ્રીગુરૂઆદિક પાસે સામાયિકની આજ્ઞા માગવી અથવા ગુરૂઆદિક ન હોયતો પૂર્વ તથા ઉત્તર દિશા સન્મુખ ઉભા થઈને શ્રીમંધરસ્વામિની આજ્ઞા માગવી.

પાઠ ૬ ઠો સામાયિક આદરવાનો.

દ્રવ્યથકી સાવદ્ય યોગનાંપચ્ચખ્ખાણ,
ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે,
કાલથકી અંતર મુહુર્ત્ત સુધી,
(આ ત્રણે પાઠનો અર્થસુગમછે માટે લખ્યો નથી.)

ભાવથકી આઠ—કે૦ આઠકોટીએં સામાયિક કરવું તે

કોટીએ પચ્ચખ્ખાણ—આઠકોટી અનુક્રમે કહેછે. મનેકરી સાવદ્યકાંમ કરૂનહિં ॥૧॥ વચનેંકરી સાવદ્ય કામ કરૂનહિ ॥૨॥ કાયાયેંકરી સાવદ્યકાંમ કરૂનહિં ॥૩॥ મનેંકરી અનેરાપાસે સાવદ્યકાંમ કરાવું નહિં ॥૪॥ વચનેંકરી અનેરાપાસે સાવદ્યકાંમ કરાવુ નહિં ॥૫॥ કાયાયેકરી અનેરાપાસે સાવદ્યકાંમ કરાવું નહિં ॥૬॥ વચનેકરી અનેરાને સાવદ્યકાંમ કરતાં દેખી રુડુ જાણુ નહિં ॥૭॥ અને કાયાયેંકરી (હસ્તાદિકે) અનેરાને સાવદ્યકાંમ કરતાં દેખી રુડુજાણુ નહિં ॥૮॥ એ આઠકોટી સમજવા સારૂ લખી છે.

કરેમિ ભંતે સામાઈયં—કેંહે ભગવંત હે પૂજ્ય સમતા પરિણામનો લાભછે જેને વિષે એવુંજે સામાયિક તેપ્રત્યે હું કરૂંછું વલી અનાગત (આવતા) કાલ આશ્રીતો.

સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ—કે૦ પાપ તેણેકરી સહિત એવાજે મન વચન કાયાના યોગ તે પ્રત્યે હું પચ્ચખ્ખુછું અર્થાત્ નિષેધુછું.

જાવ નિયમ—કે૦ જ્યાંસુધિ પૂર્વે નિયમ કર્યોછે ત્યાંસુધિ-
પજ્જુવાસામિ—કે૦ હું પર્યૂપાસુ એટલે સેવું તે
દુવિહં તિવિહેણં—કે૦ બેકરણને ત્રણ યોગે કરી
નકરેમિ નકારવેમિ—કે૦ હું પાપ કરૂ નહિં અને અનેરા
પાસે પાપ કરાવું નહિં તે
મણેણં વાયાએ કાએણં—કે૦ મનેકરી વચનેકરી અને કા-
યાયેકરી તથા.
કરંતંપિ અન્નં નસમ—કે૦ વચને કરી અને કાયાયે કરી
ણુજાણામિ વાયાએ કાએણં અનેરાને પાપ કરતાં દેખી રૂડું
જાંણુ નહિં એ આઠકોટી થઈ.
તસ્સભંતે—કે૦ તે અતિતકાલ સંબંધિ જે સાવદ્ય વ્યાપા-
રરુપ પાપ તેપ્રત્યે હે ભગવંત આપની સમીપ.
પડિક્કમામિ—કે૦ પ્રતિક્રમુછું એકલે પાપથકી નિવર્તુછું.
નિંદામિ—કે૦ આત્માની સાખે હું નિંદુછું.
ગરિહામિ—કે૦ ગુરૂનીસાખે ગ્રહુછું.
અપ્પાણં વોસિરામિ—કે૦ પૂર્વકાલસંબંધિ દુષ્ટ ક્રીયાકારક
એવોજે મહારો. આત્મા તેને વો-
સિરાવુંછું એટલે તજુછું.

પાઠ ૭ મો નમોથ્થુણં.

નમોથ્થુણં॥૧॥—કે૦ અહિં ણં વાક્યાલંકારને અર્થેછે.
અને નમોસ્તુ એટલે નમસ્કાર થાઓ.

અરિહંતાણં॥૨॥—કે૦ શ્રીઅરિહંત.

ભગવંતાણં ॥૩॥—કે૦ભગવંત તેમને.

આઇગરાણં॥૪॥—કે૦ દ્વાદશાંગીની આદિના કરનાર તેમને.

તિથ્થયરાણં ॥૫॥—કે૦ચતુર્વિધ શ્રીશંઘરુપ તીર્થના કરનાર તેમને.

સયંસં બુદ્ધાણં॥૬॥—કે૦ પરઉપદેશ વિના પોતાની મેલે સમ્યક્પ્રકારે બોધ પામેલાછે તેમને.

પુરિસુત્તમાણં ॥૭॥—કે૦ પુરૂષોને વિષે ઉત્તમછે તેમને.

પુરિસ સીહાણં ॥૮॥—કે૦ પુરૂષોને વિષે સિંહ સમાનછે તેમને.

પુરિસવર પુંડરીયાણં ॥૯॥—કે૦ પુરૂષોને વિષે પ્રધાન પુંડરીક કલમ સમાનછે તેમને

પુરીસવર ગંધહથ્થીણં ॥૧૦॥—કે૦ પુરૂષોને વિષે ગંધ હસ્તિ સમાનછે તેમને.

લોગુત્તમાણં ॥૧૧॥—કે૦ લોકને વિષે ઉત્તમછે તેમને.

લોગનાહાણં ॥૧૨॥—કે૦ લોકને વિષે સર્વજીવના નાથછે તેમને

લોગહિયાણં ॥૧૩॥—કે૦ લોકને વિષે હિતના કરનારછે તેમને.

લોગપઈવાણં ॥૧૪॥—કે૦ લોકને વિષે પ્રદીપ (દીવા) સમાનછે તેમને

લોગ પજ્જોયગરાણં ॥૧૫॥—કે૦ લોકને વિષે પ્રકાશના કરનારછે તેમને.

અભયદયાણં ॥૧૬॥—કે૦ અભય પ્રદના દેનારછે તેમને.

ચખ્ખુદયાણં ॥૧૭॥—કે૦ સમ્યક્ જ્ઞાનરુપ ચક્ષુના દેનારછે તેમને.

મગ્ગદયાણં ॥૧૮॥—કે૦ રત્નત્રય રુપ મોક્ષમાર્ગના દેનારછે તેમને.

સરણદયાણં ॥૧૯॥—કે૦ ભવ્ય જીવને સરણના દાતારછે તેમને

જીવદયાણં ॥૨૦॥—કે૦ સંજમ રુપ જીવિતવ્યના દાતારછે તેમને.

બોહિદયાણં ॥૨૧॥—કે૦ સમકિત રુપ બોધિબીજના દાતા-રછે તેમને.

ધમ્મદયાણં ॥૨૨॥—કે૦ ધર્મના દાતારછે તેમને.

ધમ્મદેસિયાણં ॥૨૩॥—કે૦ ધર્મનો ઊપદેશ કરનારછે તેમને.

ધમ્મનાયગાણં ॥૨૪॥—કે૦ ધર્મના નાયકછે તેમનેં.

ધમ્મસારહીણં ॥૨૫॥—કે૦ ધર્મરુપ રથના સારથીછે તેમને

ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં ॥૨૬॥ કે૦ ધર્મને વિષે પ્રધાન નરકાદિ ચ્યાર ગતિના અંત કરનાર ચક્રવર્ત્તીની પેરેછે તેમનેં.

દીવો ॥૨૭॥—કે૦ સંસાર સમુદ્રમાં ડૂબતા પ્રાણીયોને દ્વીપ સમાન.

તાણં ॥૨૮॥—કે૦ દુઃખના નિવારણ કરનારછે તેમને.

સરણ ॥૨૯॥—કે૦ સરણાગત.

ગઈ ॥૩૦॥—કે૦ ચ્યારગતિમાં.

પઈઠ્ઠા ॥૩૧॥—કે૦ પડતા જીવનેંછે તેમનેં.

અપ્પડિહય વર નાણ-દંસણ ધરાણં ॥૩૨॥—કે૦ અપ્રતિહત એટલે કોઈથી હ-ણાય રોકાયનહિં એવા પ્રધાન જ્ઞા-નદર્શનના ધરનારછે તેમને વળી.

વિયટ્ટછઉમાણં ॥૩૩॥—કે૦ વીત્યુંછે છદ્મસ્થપણું એટલે કપટપણું શઠપણું અથવા આવર-ણપણું જેને તેમને.

જિણાણં ॥૩૪॥—કે૦ રાગ અને દ્વેષના જીતનાર એવા શ્રીજિનરાજ તેમને.

જાવયાણં ॥૩૫॥—કે૦ અનેરાને પણ સદ્‌ઉપદેશેં કરી રાગદ્વેષના જીતાવણહારછે તેમને.

તિન્નાણં ॥૩૬॥—કે૦ પોતે સંસારસમુદ્રથકી તર્યાછે, અને

તારયાણં ॥૩૭॥—કે૦ભવ્યજીવોને તારનારછે તેમને.

બુદ્ધાણં ॥૩૮॥—કે૦ પોતે તત્વના જાણ થયા, અને

બોહયાણં ॥૩૯॥—કે૦ ભવ્યજીવોને સ્વ પરસ્વરુપનો બોધ કરાવનારછે તેમને.

મુત્તાણં ॥૪૦॥—કે૦ પોતે કર્મથકી મૂકાણા અને,

મોયગાણં ॥૪૧॥—કે૦ ભવ્યજીવોને કર્મથકી મુકાવનારછે તેમને.

સવ્વન્નૂણં ॥૪૨॥—કે૦ સર્વજ્ઞ અને

સવ્વદરિસિણં ॥૪૩॥—કે૦ સર્વદર્શિ અર્થાત્ સર્વ વ-સ્તુના દેખણહારછે તેમને.

સિવ ॥૪૪॥—કે૦ સર્વ ઉપદ્રવ્ય રહિતછે તેમને.

મયલ ॥૪૫॥—કે૦ અચલછે તેમને.

મરૂય ॥૪૬॥—કે૦ અરૂજ એટલે રોગ રહિતછે તેમને.

મણંત ॥૪૭॥—કે૦ જ્ઞાનાદિક અનંત ચતુષ્ટયી.

મખ્ખય ॥૪૮॥—કે૦ અક્ષય.

મવ્વાબાહ ॥૪૯॥—કે૦ અવ્યાબાધ એટલે બાધાપીડા રહિત

મપુણરાવત્તિં ॥૫૦॥—કે૦ જે ગતિથકી ફરી સંસારમાં પાછુ આવવું નથી તે અપુનરાવર્તિ કહિયે એવી.

સિદ્ધિ ગઈ નામ—કે૦ સિદ્ધિ ગતિ છે નામ જેનું
ધેયં ॥૫૧॥ એ સિવમયલથી માંડીને સાત વિશેષણ સહિત એવું. (મોક્ષ)

ઠાણં સંપત્તાણં ॥૫૨॥—કે૦ સ્થાનક તે પ્રત્યે પામ્યાછે તેમને અર્થાત્ સિદ્ધ પરમાતમાને મહારો નમસ્કાર થાઓ.

નમોથ્થુણં ૨ જું.

નમોથ્થુણં—કે૦ નમસ્કાર થાઓ.

અરિહંતાણં—કે૦ શ્રી અરિહંત.

ભગવંતાણં—કે૦ ભગવંતને.

જાવ સંપાવિઉ કામસ્સ—કે૦ યાવત્ સિવ મયલથી માંડીને સાતબોલ અર્થાત્ મોક્ષપદ તેંપ્રત્યે પામવાના કામીછે એવા.

નમો જિણાણં—કે૦ શ્રીજિનરાજ તેમને મ્હારો નમસ્કાર થાઓ.

નમોથ્થુણં ૩ જું.

નમોથ્થુણં—કે૦ નમસ્કાર થાઓ.

મમ ધમ્મ આયરિયસ્સ—કે૦ મ્હારા ધર્માચાર્યને.

મમ ધમ્મ ઉવદેસિયં—કે૦ મ્હારા ધર્મ ઉપદેશક તે સમકિતરુપ બોધિ બીજના દાતારછે તેમને, તે કેવાછે તોકે.

જાવ સંપાવિઉ કામસ્સ—કે૦ યાવત્ મોક્ષપદ પામવાના કામીછે તેવા.

નમો આયરિયાણં—કે૦ ધર્માચાર્યને મ્હારો નમસ્કાર થાઓ.

ઇતિ શ્રી સામાયિક કરવાની વિધિ સંપૂર્ણ.

હવે શ્રી સામાયિક પારવાની વિધિ કહે છે.

પાઠ ૧ લો.

એહવા નવમા સામાયિક વ્રતના.—કે૦ બાર વ્રત માંહિલું જે નવમું સામાયિક વ્રત તેના.

પંચ અઇયારા જાણીયવા—કે૦ પાંચ અતિચાર શ્રાવકને જાણવા પણ.

ન સમાયરીયવા—કે૦ સમાચરવા નહિં અર્થાત્ આદરવા નહિં.

તં જહા તે આલોઉ—કે૦ તે જેમછે તેમ તેને આલોઊછું.

મણ દુપ્પણિહાણે—કે૦ મનો દુઃપ્રણિધાન તે ઘર હાટ પ્રમુખ સંબંધિ જે સાવદ્ય વ્યાપારનું મનમાં ચિંતવન કરવું, તે પ્રથમ મનો દુઃપ્રણિધાન અતિચાર જાણવો.

વય દુપ્પણિહાણે—કે૦ વચન દુઃપ્રણિધાન તે કર્કશ એટલે કઠોરકારી છેદકારી ભેદકારી ઈત્યાદિક સાવદ્ય ભાષાયે કરી બોલવું, તે બીજો વચન દુઃપ્રણિધાન અતિચાર જાણવો.

કાય દુપ્પણિહાણે- કે૦ કાય દુઃપ્રણિધાન તે અણઉપયોગથી પાપ વ્યાપારમાં કાયાને પ્રવર્ત્તાવવિ અને દેખ્યા પૂંજ્યા વિના બેસવું ઇત્યાદિક વિપરીત પણે જે કાયાને પ્રવર્ત્તાવવી તે ત્રીજો કાય દુઃપ્રણિધાન અતિચાર જાણવો.

સામાઈયસ્સ સઇઅ કરણયાએ.—કે૦ સામાયિકને વિષે સ્મૃતિ વિહિન એટલે નિંદ્રાદિ પ્રમાદ થકી સામાયિક મેં કર્યું કે નથી કર્યું, એવું ઉપયોગનું શુન્યપણું તે ચોથો અતિચાર જાણવો.

સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયાએ.—કે૦ સામાયિકને વિષે અનવસ્થાન તે સામાયિકનો કાલ પૂર્ણ થયા વિના સામાયિક પારવું તે પાંચમો અતિચાર જાણવો.

તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૧॥—કે૦ તેસંબંધિ જે અતિચાર લાગ્યા તેને દુષ્કૃત એટલે પાપ કહિયે તે દુષ્કૃત માહારા મન વ-ચન અને કાયાયે કરી મિથ્યા એટલે નિષ્ફલ થાઓ.

.પાઠ ૨ જો.

સામાઇક સમકાએણં—કે૦ સામાયિકને વિષે આતમાને સ-મ્યક્ અર્થાત રુડે પ્રણામેં રાખ્યો.

ફાસિયં—કે૦ સામાયિક રુડી રીતે ફરસ્યું.

પાલિયં—કે૦ સામાયિક ઊપયોગ સહિત પાર્યું.

સોહિયં—કે૦ સામાયિકમાં અતિચારલાગે મિચ્છામિ દુ-ક્કડ દીધા.

તિરિયં—કે૦ સામાવિકનું કાલમાન કર્યુંછે તે પૂરો થયે પાર્યું.

કિટ્ટિયં—કે૦ પચ્ચખ્ખાંણને ઊપયોગ રાખી સંભાર્યાં.

આરાહિયં—કે૦પચ્ચખ્ખાણને રુડીરીતે આરાધ્યાં.

આણાએ અણુપાલિયં—કે૦ એવીરીતે શુદ્ધ પાલતાં છતાં **ભવઈ.** વીતરાગની આજ્ઞાથી કિંચિત(લગા-રેક) ઊલટું પાર્યું હોય.

તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૨॥—કે૦ અર્થ પૂર્વવત્ જાણવો.

પાઠ ૩ જો.

સામાઈકમાં દશ મનના—કે૦ સામાયિકને વિષે દશ પ્રકારે મનના દોષ લગાડયા હોય.

દશ વચનના—કે૦ દશ પ્રકારે વચનના દોષ લગાડયા હોય.

બાર કાયાના—કે૦ બાર પ્રકારે કાયાના દોષ લગાડ્યા હોય.

એ બત્રીશ દોષ માંહિલો—આ પદનો અર્થ સુગમ છે

જેકોઇ દોષ લાગ્યો હોયતો. માટે લખ્યો નથી.

તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૩॥

પાઠ ૪ થો.

સામાયિકમાં સ્ત્રી કથા—કે૦ સામાયિકમાં સ્ત્રી સંબંધિ કથા વાર્તા કરી હોય.

ભત્ત કથા—કે૦ભાત પાંણીની કથા કરી હોય.

દેસ કથા—કે૦ દેશ પરદેશની કથા કરી હોય.

રાજ કથા—કે૦ રાજાના રાજ્ય સંબંધિ કથા કરીહોય

એ ચાર કથા માંહિલી—આ પદનો અર્થ સુગમ છે

જે કોઈ કથા કરીહોય તો માટે લખ્યો નથી.

તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૪॥

પાઠ ૫ મો.

સામાયિકમાં અતિક્રમ—કે૦ સામાયિકમાં નહિં આદરવા જોગ્ય તેવી વસ્તુનું મનમાં ચિંતવન કર્યું.

વ્યતિક્રમ—કે૦ તે વસ્તુના સામો ચાલ્યો.

અતિચાર—કે૦ તે વસ્તુ ગ્રહણ કરી.

અણાચાર—કે૦ તે વસ્તુ ભોગવી અર્થાત્ સામાયિકમાં નકરવા યોગ્ય કાર્ય કર્યું એવી રીતે.

જાણતાં અજાણતાં. મન—આ પદનો અર્થ સુગમ છે
વચન અને કાયાયેકરી કોઈ માટે લખ્યો નથી.
દોષ લાગ્યોહોયતો તસ્સ
મિચ્છામિ દુક્કડં ॥૫॥

પાઠ ૬ ઠો.

સામાયિક વિધિયે લીધું વિધિયે પાર્યું વિધિ કરતાં અવિધિ થઈ હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥૬॥

પાઠ ૭ મો.

સામાયિકમાં કાંનો માત્રા મીંડી પદ અક્ષર હ્રસ્વ દીર્ઘ ઓછો અધિક વિપરીત ભણાંણો હોયતો અનંતા સિદ્ધ કેવલી ભગવંતની સાખે મિચ્છામિ દુક્કડં ॥૭॥ આ બે પાઠનો અર્થ સુગમછે, માટે લખ્યો નથી. ઈતિ શ્રી સામાયિક પારવાની વિધિ સંપૂર્ણ

અથ શ્રી સામાયિકમાં ન લગાડવા યોગ્ય એવા જે બત્રીશ દોષ તે અર્થ સહિત લખ્યા છે.

પ્રથમ દશ મનના દોષ કહેછે ॥૧॥ અવિવેક દોષ કે૦ સામાયિકનું સ્વરૂપ સમજે નહિં અને સામાયિક કરીને સંકલ્પ વિકલ્પ એટલે સંસારના કાંમ સંબધિ વિચાર કરયા કરે તેને અવિવેક

દોષ કહિયે. ॥ ૨ ॥ યશવાંચ્છા-દોષ કે૦સામાયિક કરીનેં યશકીર્ત્તિની ઈચ્છા કરે ॥ ૩ ॥ ધનવાંચ્છા દોષ કે૦સામાયિકના પસાયથી મને ધન મલે ॥૪॥ ગર્વ દોષ કે૦મહારા જેવું સામાયિક બીજો કોણ કરશે એકજ હું કરૂછું ॥ ૫ ॥ ભય દોષ કે૦સામાયિક કરીનેં સાત ભય માંહિલો કોઈપણ ભય રાખે કે મનુષ્ય તિર્યંચ અને દેવતાદિક મનેં મારશે તથા નડશે અને એમ ચિંતવેજે મને કોઈ શ્રાવક થઈ ગયો એમ કેહેશે, એવીરીતે મનમાં ભય રાખે ॥૬॥ નિદાનદોષ કે૦સામાયિકમાં એમ ચિંતવેજે આ સામાયિકનું ફલ હોયતો મનેં અમુક સુખ મલજયો. ॥૭॥ સંશય દોષ કે૦સામાયિકતો કરૂછું પણ આગલ તેનું ફલ થશેકે નહિં, એવી શંકા વેદે ॥૮॥ કષાય દોષ કે૦કષાય ભરયું સામાયિક કરે અર્થાત્ વૈરિ દેખી રીસ કરે ॥૯॥ અવિનય દોષ કે૦ગુરૂઆદિકનો વિનય ન કરે તથા સાધર્મીનો કરવા યોગ્ય વિનય તેપણ ન કરે ॥૧૦॥ અબહુમાન દોષ કે૦ભક્તિભાવથી સામાયિક નકરે અને એમ ન વિચારે જેઆજ માહારે ચિંતામણિ રત્નરૂપ સામાયિક નિપજ્યુંછે એમ નહિં વિચારતાં ઊલટું એમ વિચારે જે આવું સામાયિકતો જીવે અનંતીવાર કરયું પણ કાંઇ ગરજ સરી નહીં એવીરીતે સામા-

ચિતવું અણહુમાન કરે ઇતિ મનના ॥૧૦॥ દોષ સંપૂર્ણ.

હવે દશ વચનના દોષ કહેછે॥૧॥કુત્સિત દોષ કે૦સામાયિકમાં વિચાર કરયાવિના અઘટીત એટલે ગાલો તથા હુંકારાદિક કુવચન બોલે ॥૨॥ સહસાતકાર દોષ કે૦સામાયિકમાં અણવિચારયું કોઇને ધ્રાશકો પડે તથા કોઈનું છિદ્ર ઉઘડે તેવી ભાષા બોલે ॥૩॥ અસદ્આરોપણ દોષ કે૦સામાયિકમાં કોઈના ઉપર ખોટું તોહોમતદે અર્થાત્ કોઇના ઊપર ખોટો દોષ આરોપણ કરે ॥૪॥ નિરપેક્ષવાકય દોષ કે૦સામાયિકમાં શાસ્ત્રની અપેક્ષા વિના પોતાને છાંદે બોલે ॥૫॥ સંક્ષેપ દોષ કે૦સામાયિકમાં સૂત્રાર્થનેં સંક્ષેપે (ટુંકામાં) બોલી પૂર્ણ કરે ॥૬॥ કલહકર્મ દોષ કે૦ સાધર્મીઆદિસાથે કલેશ (ઝઘડો) કરે ॥૭॥ વિકથા દોષ કે૦સામાયિકમાં રાજાદિકની વિકથા (સારી ખોટી વાર્ત્તા) કરે ॥ ૮ ॥ હાસ્ય દોષ કે૦સામાયિકમાં કોઈની હાંશી મશ્કરિ કરે તથા પોતે હસે અને બીજાનેં હસાવે ॥ ૯ ॥ અશુદ્ધપાઠ દોષ કે૦સામાયિકમાં સૂત્રાર્થનો ઉચ્ચાર અશુદ્ધ કરે અથવા ગડબડ ગોટા કરી ગુમણું બોલે ॥ ૧૦ ॥ અવિરતિઆદેશ દોષ કે૦ સામાયિકમાં અવિરતિનેં આદર સન્માનદે અર્થાત્ આવો પધારો કહે ॥ ઇતિ ॥ વચનના દશ દોષ સંપૂર્ણ.

હવે કાયાના બાર દોષ કહેછે ॥ ૧ ॥ અયોગ્યઆસન દોષ કે૦ સામાયિકમાં પગ ઉપર પગ ચઢાવે અથવા પગ લાંબા કરી થંભો દેઇ બેસે તથા હાથની અથવા લૂગડાની કેહેડ બાંધી બેસે ॥ ૨ ॥ ચલાસન દોષ કે૦ ડગડગતે આસને બેસે અથવા વારંવાર આસન ફેરવે ॥ ૩ ॥ ચલદ્રષ્ટી દોષ કે૦ સામાયિકમાં ચ્યારે દિશાયે નેત્રો (આંખ્યો) ફેરવે ॥ ૪ ॥ સાવદ્યક્રિયા દોષ કે૦ સામાયિકમાં કાયાયે કરી સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે ॥ ૫ ॥ આલંબન દોષ કે૦ સામાયિકમાં વિના કારણે ભીંત તથા થાંભલે ઓઠીંગુ દેઈ બેસે ॥ ૬ ॥ આકુંચનપ્રસારણ દોષ કે૦ સામાયિકમાં કારણ વિના હાથ પગ લાંબા ટુંકા કરે ॥ ૭ ॥ આલસ્ય દોષ કે૦ સામાયિકમાં આલસ મોડે તથા આંગળિયોના ટચાકા વગાડે ॥ ૮ ॥ વિસામણ દોષ કે૦ સામાયિકમાં પગ તથા કેહેડો ચંપાવે ॥ ૯ ॥ મલસ્ય દોષ કે૦ સામાયિકમાં શરીર ઉપરથી મેલ ઉતારે તથા પૂંજ્યાવિના ખરજ ખણે ॥ ૧૦ ॥ વિમાસણ દોષ કે૦ સામાયિકમાં ચિંતાતુર થઇ ગલહથ્થો દેઈ બેસે ॥ ૧૧ ॥ નિંદ્રા દોષ કે૦ સામાયિકમાં નિંદ્રા કરે અર્થાત્ ઉંઘે અથવા ઝોલાં ખાય ॥ ૧૨ ॥ અવિધિઉપગરણ દોષ કે૦ સામાયિકમાં

અધીકાં લૂગડાં રાખે, અથવા મહોટાં લૂગડાં રાખી સર્વ અંગોપાંગ ઢાંકે. ઇતિ કાયાના બારદોષ સંપુર્ણ.

ઇતિ શ્રી બત્રીશ દોષ અર્થ સહિત સમાપ્તં.

અથ શ્રી સામાયિક કરવાની વિધિ.

॥૧॥ પ્રથમ નવકાર મંત્ર ભણીપછી ॥૨॥ જો તિખ્ખુત્તાનો પાઠ ભણી ॥ ૩ ॥ ઇરિયાવહિ પડિક્કમવી ત્યાર પછે ॥ ૪ ॥ તસ્સઉત્તરીનો પાઠ ભણી પછી આલોયણ નિમિત્તં મનમાં ઇરિયાવહિનો કાઉસ્સગ્ગ કરવો, અને કાઉસ્સગ્ગ પૂરો થયે એક નવકાર ભણી કાઉસગ્ગ પારવો. પછી ॥૫॥ મો લોગસ્સનો પાઠ કહેવો પછી ॥૬॥ દ્રવ્યથકીનો પાઠ ભણી સામાયિક કરવું, પછે જમણો પગ નીચોવાળી ડાબા પગનો ઢીંચણ ઉભો રાખી બેસવું પછે ॥૭॥ નમોથ્થુણં ॥૩॥ કહેવાં, અને સામાયિક પૂરૂં થાય ત્યાંસુધી ધર્મધ્યાન કરવું.

ઈતિ શ્રી સામાયિક કરવાની વિધિ સંપૂર્ણ.

હવે શ્રી સામાયિક પારવાની વિધિ કહેછે.

સામાયિક પૂરૂં થયા પછી એહવા નવમા સામાયિક વ્રતના ઈત્યાદિક ॥૭॥ પાઠ ભણી સામાયિક

પારવું, પરંતુ ઈરિયાવહિ પડિક્કમવી નહીં.

આશંકા—સામાયિક કરતાં પ્રથમ ઈરિયાવહિ પડિક્કમવી અને પારતાં ઈરિયાવહિ પડિક્કમવી નહીં, તેનું શું કારણ?

સમાધાન—જેમ અફીણથી ખરડાયેલા ભાજનમાં દૂધ ભરેતો તે દૂધ શુદ્ધ રહે નહીં, તેમ જીવ પણ સંસારમાં આર્ત્ત રૌદ્ર ધ્યાને કરી તથા ગમનાગમને કરી અનેક પ્રકારના જીવની વિરાધના રૂપ પાપ અફીણથી ખરડાયો, તો તેને આલોયા વિના સામાયિક રૂપ દૂધ ભરેતો શુદ્ધ રહે નહીં, અને કોઈ એમ ઈચ્છેજે હું ભર્યા પછી શુદ્ધ કરીશ તો તેમ બને નહીં, અને ઉલટો અવિવેક ગણાય, તેમ પ્રથમ સામાયિક કરીને પછી ઈરિયાવહિ પડિક્કમવી તે પણ અવિધિ ગણાય માટે પ્રથમ ઇરિયાવહિ પડિક્કમવી.

વલી તેઉપર બીજું દ્રષ્ટાંત કહેછે–જેમ મલીન લૂગડા ઉપર રંગ લગાડવાથી તે લૂગડાની કિમ્મત્ ઘટે, અને મેલ ટાલી લૂગડું ઉજલું કરી પછી રંગ ચઢાવેતો તેની કીમ્મત્ વધે, તેમ ઈહાં જીવ પણ સંસારમાં આર્ત્ત રૌદ્ર રૂપ પરિણામે તથા ગમનાગમને કરી અનેક પ્રકારે જીવની વિરાધના રૂપ પાપે કરીમલીન થયો, તે માટે પાપ આલોયા વિના મલીન પણે વ્રત રૂપ રંગ લગાવે તો શોભે નહીં, તે કારણ માટે પ્રથમ ઈરિયાવહિ પડિક્કમવી.

હવે સામાયિક પારતાં ઇરિયાવહિ ન પડિક્કમવી તેનું સમાધીન કરેછે. સામાયિક પારતાં ઇરિયાવહિ પડિક્કમવી નહીં, કારણકે જેમ ખેત્રમાંથી કાંટાવિગેરે કાહાડી જમીન શુદ્ધ કરી પછી તેમાં ધાન્ય વાવેછે તો ધાન્ય પણ શુદ્ધ ઉગેછે, પછી વાવેલા ધાન્યમાં ઝાંખરાં થયાં હોયતો તરત કાહાડી નાંખી શુદ્ધ કરેછે, કારણકે તે ન કાહાડી નાંખેતો ધાન્ય સારી રીતે પાકે નહિં, તેમ ઇહાંપણ પ્રથમ ઇરિયાવહિ પડિક્કમિ સામાયિક વૃત આદરયુંછે તેમાંજો મકાન બાહાર જવું પડેતો મકાંન ઉપર આવ્યા પછી તરત ઇરિયાવહિ પડિક્કમવિ પડેછે, કારણકે વ્રત શુદ્ધ નિપજવા માટે; તો જેમ માલ પાક્યા પછી ખેત્ર શુદ્ધ કરવું પડતું નથી, તેમ સામાયિક વ્રત પૂરૂં થયા પછી ઇરિયાવહિ પડિક્કમવિ પડતી નથી. જે સામાયિક પૂરૂં થયા પછી ઇરિયાવહિ પડિકકમવિ, તે કેવલ અવિધિછે; પણ ધાન્યમાં કાંકરાકે ધૂલ ભરી હોય તે કાઢકીને શુદ્ધ કરે, તેમ અતિચાર રૂપ કાંકરા કાઢકી એટલે પડિકકમિને દૂર કરી સામાયિક રૂપ ધાન્ય શુદ્ધ કરવું જોઇએ; માટે એહવા નવમા સામાયિક વ્રતના ઇત્યાદિ પાઠ કરી સામાયિક પલાય છે તે શુદ્ધ વિધિ જાણવી.

આશંકા—ઈહાં કોઈ સામાયિકને વિષે એવી આશંકા કરેછે કે સામાયિક કરીને પછે સર્વથા મનનો સંવર કરી શકાય નહિં અને મનનો કુવ્યાપારતો થાયછે. અર્થાત્ મન ભમ્યા કરે છે તેને કરીને એકતો મનનું પાપ લાગે, અને બીજું સામાયિકનો ભંગ થાય તેથી તેનું પ્રાયશ્ચિત લાગેછે માટે તેવા દોષને લીધે સામાયિક કરવાને બદલે નહિં કરવું તેજ ભલુંછે, એવું કેટલા એક અણુસમજૂ માણસો ધારેછે; તેનું સમાધાન નીચે લખીયે છૈયે.

સમાધાન—સામાયિકતો અવશ્ય કરવું જોઈયે, અને જો સામાયિક નહિં કરવું ભલુ એમ ધારિયેતો, શું; અવ્રત પણામાં બેશી રેહેવાથી લાભ થશે? અર્થાત્ અવ્રત પણામાં બેશી રેહેવાથી લાભ થાયજ નહિં. વળી એમ ધારીયે કે વ્રત કરવા પછી મનના યોગ બરાબર ઠેકાણે રેહેતા નથી, તેથી એક તો વ્રત ભંગ થાય અને બીજું તેનું પ્રાયશ્ચિત્ત લાગેછે, તેથી નહિં કરવું તેજ ભલું છે, એમ ધારવુંતે ભૂલછે; કારણ કે આલોવિયેતો વ્રતના આરાધિક થઈયે, પણ વ્રત બિલકુલ નહિં કરવાથી શું આરાધિક થવાયછે? અર્થાત્ થવાયજ નહિં. વળી અવ્રતિ કરતાં વ્રતિ વિરાધિક હશે તો ભલો કાંઈ પણ લાભ થશે. છેવટ જેટલી વખત શુદ્ધ પ્રણામે રહેશે

તેટલો નફો તો જરૂર થશે. જેમકે મૂલ મિથ્યાત્વમાં-
થી નિકલી પ્રથમ. જયારે સમકિત પાંમે છે ત્યારે
અનંતો સંસાર ઘટાડેછે તથા આરાધિક થાય તો
પંદરે ભવે મોક્ષ જાયછે, અને વિરાધિક થાય તોપણ
સમકિત પામ્યાના પસાયથી અર્દ્ધ પુદ્દ્ગલમાંતો મોક્ષ
જાયજ; પણ વિરાધિક થવાથી એમ ધારીયે કે સ-
મકિત ન પામ્યો હોતતો ભલું થાત, એવું વિચાર-
વું એ તદન મૂર્ખાઇ ભરેલુંછે, તેમ શ્રાવક પણાના
વ્રત સંબંધિ પણ જાણવું. વલી એમ વિચારોજે
સામાયિક જે થાયછે તે આઠ કોટીએ થાયછે, અને
તે સામાયિક કરનારના પ્રણામ પ્રથમથી શુદ્ધ કર-
વાનાછે અને તેનાજ ઉપયોગમાં વર્ત્તેછે. તેમ છતાં
ચપલ યોગથી કોઇ વખતે મન સાવદ્ય ક્રિયામાં
જતું રહેતો તેનો પશ્ચાત્તાપ કરશે, અને છેવટે તેના
પ્રાયશ્ચિ-ત બદલ મિચ્છામિ દુક્કડંનું આલોયણ પણ
લેશે, તેથી તેને આરાધિક થવાનો સંભવછે; પણ વિ-
રાધિક થવાનો સંભવ નથી. વલીતે અશક્ય પરિહાર
દોષછે તોય પણ તે દોષ લગાડવાનો કાંમી નથી, જેમ
સાધુ મુનિયે સાવદ્ય કામનાં પચ્ચખ્ખાણ કર્યાંછે
ને તેમને પ્રમાદના યોગથી આરંભિયા ક્રિયા લાગે
છે, એવું ભગવતે કહ્યું છે, તે પણ આલોયે આરા-
ધિક થાયછે પણ વિરાધિક થતા નથી; અને ભગવતે

તેમને છઠ્ઠે ગુણઠાણે કહ્યાછે, વલી સામાયિકમાં મન કદાપિ બાહાર જતું રહે તો ફરીને તેને ઠેકાણે લાવશે, પણ નહિં કરવાવાલો શું ઠેકાણે લાવશે?

વલી કેટલાએક એમ ધારેછે કે આપણા ભાવ શુદ્ધ હશેતો સદા સામાયિકજ છે જેમકે ભરતેશ્વર માહારાજને આરીસા ભૂવનમાં ભાવના ભાવતાં કેવલજ્ઞાન ઉપન્યું તો આપણે આવી વ્યવહારની ક્રીયા કરવાથી શું થનારછે એવું ધારવું તે તદ્દન ભૂલ ભરેલું છે, પરંતુ એમ નથીવિચારતા કે ભરતેશ્વર માહારાજેતો અવશ્ય વ્યવહાર ગૃહણ કર્યોછેજ. શું વ્યવહાર ગૃહણ કરેયોછે તે કહેછે, જે વખત ભરતેશ્વર માહારાજ આરીસા ભૂવનમાં પોતાનું શરીર નિરખેછે તે વખતે એક આંગલી આભ્રણ વિનાની દેખવાથી એમ વિચ્યારયુંજે આ શરીર પર પુદ્દગલથી શોભી રહ્યુંછે એવો ભાવ આંણી અનુક્રમે સર્વ અલંકાર ઉતારવા માંડ્યા, તેમ તેમ ભાવ પણ ચઢતો ગયો છેવટે સર્વ અલંકાર ઉતાર્યા. તે વખતે કેવલજ્ઞાન ઉપન્યું તો સમજોકે જે અનુક્રમે અલંકાર ઉતાર્યા તે વ્યવહારની ક્રિઆ થઈજ. વલી સર્વ રાજ રિદ્ધિ છોડી સંયમ લીધું અને મુનિપણાનો વેશ ધારણ કર્યો તે વેશ ધારણ કરયો તે પણ વ્યવહાર થયો,

પરંતુ ભરતેશ્વર માહારાજે એમ ના વિચાર્યુંજે કેવલજ્ઞાન ઊપન્યુંછે તો હવે વેશ પેહેરવાનું શું કારણછે એમ ન વિચાર્યું, અને ભોગને પાપ રૂપ જાંણી તાગ્યા તો તેમનેં પણ વ્યવહાર મોક્ષનો હેતુ જાંણી ગૃહણ કર્યો તો આપણા જેવાને તો વ્યવહાર અવશ્ય ગૃહણ કરવો જોઇયે પરંતુ સંસારમાં રહિ વિષયાદિક પંચેંદ્રિયનાં સુખ ભોગવે મુક્તિ થાય એવું કોઈ પણ શાસ્ત્રમાં કેવલજ્ઞાંનીએ કહ્યું નથી; માટે ડાહ્યા પુરૂષોયે વિચાર કરી એવી ખોટી શંકા દૂર કરી નિશ્ચયનો ઉપયોગ રાખી વ્યવહાર માર્ગે વર્ત્તવું. કિંબહુના.

વલી કેટલાએક એમ કહેછે કે આઠ કોટીએ સામાયિક થાય નહિં કારણ કે સામાયિકનું પચ્ચખ્ખાણ પલતું નથી એવું કહેછે તેને ઉત્તર.

જો પચ્ચખાણ પલતું નથી તો કોઈ માણસ સામાયિક કરીનેં બેઠોછે તેવામાં તેના દીકરાયે અથવા ગુમાસ્તાયે આવીનેં કહ્યું કે મેં શાક શમારી મુકયુંછે ને ઉઘરાંણીના રૂપૈયા ફલાણાના લાવ્યોછું અને આટલો માલ વેચ્યોછે, ઈત્યાદિક સાવદ્ય ક્રીયાનાં કરેલાં કામ કેહેતો તે સામાયિક વાલો તેને ભલું કર્યું એમ મુખેથી કહેશે તથા આંખે અથવા કાયાયેં કરી સમજાવે કે તેં જે કાંમ કરયું તે

ભલું કર્યુંછે એવું સામાયિકમાં કેહેવું તે યોગ્ય છે અર્થાત્ આવાં કામ સામાયિક કરીને મોકલાં મૂકવાં તે કાંઈ યોગ્ય નથી કારણકે સામાયિકમાં સમપરિણામે વર્ત્તવું જોઇયે, તો મુખે આવું રૂડું કર્યું તથા કાયાયેંકરી રૂડું કર્યું જણાવશો તો સમપરિણામ શી રીતે રેહેશે, અને મનેંકરી કરવું કરાવવું પાલવું ઘણું કઠણછે તો તે શી રીતે પલી શકશે, અને જો તે ન પલી શકે એમ ઠરાવી મોકલું મૂકશો તો કોઇ માંણસ એક કોટી તથા ત્રણ કોટીયે સામાયિક કરશે, તો તેમતો સામાયિક બને નહિં માટે આવાં મ્હોટાં અનુમોદનાના પાપના બંધ મોકલા રાખીને સામાયિક કર્યું તેવું કહેવું તે કાંઇ ઘટીત નથી. માટે આઠ કોટી જરુર પચ્ચખ્ખવી, વલી કેટલાએક કેહેછે કે અમે એવી અનુમોદના કરતા નથી, પણ પચ્ચખ્ખાય નહિં, એવું કેહેછે તેઓની મોટી ભૂલ છે, કારણકે તે પાપ કરવું નથી તો અવ્રતમાં શા માટે રેહેવું જોઇયે માટે અવશ્ય કરી એ અનુમોદના પચ્ચખ્ખવી જોઇયે. વલી કેટલાએક ધારેછેકે સામાયિકમાં કોઇની લાજ કાહાડવી પડેતો અનુમોદના લાગેછે આવું બીચારા તે સમજ્યા વિના બોલેછે કારણકે તેણેતો પોતાની મર્યાદા સાચવી છે જેમકે સાધ્વીને નવ કોટી પચ્ચખ્ખાણછે અને તેમનું વસ્ત્ર

સહેજે આઘુ પાછું ખશી ગયું હોય તેવામાં કોઇ ગૃહસ્થી આવેતો તે વસ્ત્ર સમુ કરી ઓઢેછે તો શું તેને અનુમોદના લાગી અર્થાત્ લાગેજ નહિં, તો ગૃહસ્થીને કેમ લાગે ફકત્ પોતાની મર્યાદા સાચવે છે, તેમાં કાંઈ રૂડું જાંણતા નથી માટે આઠ કોટી પચ્ચખ્ખવી તે સિદ્ધ છે.

---

૧ પચ્ચખ્ખાણ પેહેલું નમુક્કાર સહિઅનું.

સૂરે ઉગ્ગએ નમુક્કાર સહિઅં પચ્ચખ્ખામી ચઉવિહું પિઆહારં અસણં પાણં ખાઇમં સાઇમ અન્નથ્થણા ભોગેણું સહસાગારેણં અપ્પાણું વોસિરામિ ॥ ૧ ॥

---

૨ પચ્ચખ્ખાણ બીજું ઊપવાસનું.

સૂરે ઊગ્ગએ અભત્તઠું પચ્ચખ્ખામિ ચઊવિહં પિઆહારં પચ્ચખ્ખામિ અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં સવ્વસમાહિ વત્તિઆગારેણં અપ્પાણં વોસિરામિ.

૩ પચ્ચખ્ખાણ ત્રીજું આયંબિલનું.

આયંબિલંવિહં પચ્ચખ્ખામિ તિવિહં પિઆહારં. પચ્ચખ્ખામિ અસણં ખાઇમં સાઇમં અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં લેવાલેવેણં ગિહથ્થ સંસટ્ઠેણં ઊખિત્ત વિવેગેણં સવ્વસમાહિ વત્તિઆગારેણં અપ્પાણં વોસિરામિ.

અથ શ્રી ગૌતમસ્વામીનો છંદ.

વીર જિણેશર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશ દિશ. જો કીજે ગૌતમનું ધ્યાન. તો ઘર વિલસે નવે નિધાન॥૧॥ગૌતમ નાંમે ગિરિવર ચઢે, મન વાંછિત હેલા સંપજે, ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ॥૨॥જે વૈરી વિરુઆ વંકડા, તસ નામે નાવે ઢુકડા, ભુત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ॥૩॥ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય, ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નાંમેં જયજયકાર॥૪॥શાલ દાલ સુરહા ઘૃત ગોલ, મનવંછિત કાપડ તંબોલ, ઘરશું ઘરણી નિર્મલ ચિત્ત, ગૌતમ નાંમેં પુત્ર વિનીત ॥૫॥ગૌતમ ઊદયો અવિચલ ભાણ, ગૌતમ નાંમ જપો જગ જાણ, મોહોરાં મંદિર મેરૂ સમાન, ગૌતમ નાંમેં સફલ વિહાણ॥૬॥ ઘર મયગલ ઘોડાની જોડ, વારુ પોહોચે વંછિત કોડ, મહિયલ માને મોહોટા રાય, જો તૂઠે ગૌતમના પાય,॥૭॥ગૌતમ પ્રણમ્યાં પાતક ટલે, ઊત્તમ નરની સંગત મલે, ગૌતમ નાંમેં નિર્મલ જ્ઞાન, ગૌતમ નાંમે વાધે વાન ॥૮॥ પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણછે બહુ, કહે લાવણ્ય સમય કરજોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ॥૯॥. સંપૂર્ણ.

અથ શ્રી મહાવીર સ્વામીનો છંદ.

સેવો વીરને ચિત્તમાં નિત્ય ધારો, અરિ ક્રોધને મનથી

દૂર વારો, સંતોષ વૃત્તિ ધરો ચિત્તમાંહિં, રાગ દ્વેષથી દૂર થાઓ ઉચ્છાહિં ॥૧॥ પડયા મોહના પાસમાં જેહ પ્રાણી, શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી, મનુ જન્મ પામી વૃથા કાં ગમોછો, જૈન માર્ગ છંડી ભુલા કાં ભમોછો ॥૨॥ અલોભી અમાની નીરાગી તજોછો, સ લોભી સમાની સરાગી ભજોછો, હરિ હરાદિ અન્યથી શું રમોછો, નદી ગંગ મૂકી ગલીમાં પડોછો ॥૩॥ કેઇ દેવ હાથે અસિ ચક્રધારા, કેઈ દેવ ઘાલે ગલે રૂંઢ માલા, કેઈ દેવ ઉત્સંગે રાખેછે વામા, કેઈ દેવ સાથે રમે વૃંદ રામા ॥૪॥ કેઇ દેવ જપે લેઇ જપમાલા, કેઈ માંસ ભક્ષી મહા વીકરાલા, કેઈ યોગિણી ભોગિણી ભોગ રાગે, કેઈ રૂદ્રાણી છાગનો હોમ માગે ॥૫॥ ઇસા દેવ દેવી તણી આશ રાખે, તદા મુક્તિનાં સુખને કેમ ચાખે, જદા લોભના થોકનો પાર નાવ્યો, તદા મધનો બિંદુઓ મન ભાવ્યો ॥૬॥ જેહ દેવલાં આપણી આશ રાખે, તેહ પિંડને મન્નશું લેય ચાખે, દીન હીનની ભીડ તે કેમ ભાંજે, ફુટો ઢોલ હોએ કહો કેમ વાજે, ॥૭॥ અરે મુઢભ્રાતા ભજો મોક્ષ દાતા, અલોભી પ્રભુને ભજો વિશ્વખ્યાતા, રત્ન ચિંતામણિં સારિખો એહ સાચો, કલંકી કાચના પિંડશું મત રાચો, ॥૮॥ મંદ બુદ્ધિ શું જેહ પ્રાણી કહેછે, સવિ ધર્મ એકત્વ ભુલો ભમેછે, કીહાં સર્ષવાને કીહાં મેરૂ ધીરં,

કીહાં કાયરાને કીહાં શૂરવીરં ॥૯॥ કીહાં સ્વર્ણથાલં કીહાં કુંભ ખંડ, કીહાં કોદ્રવાને કીહાં ખીર મંડ, કીહાં ખીર સિંધુ કીહાં ક્ષારનીરં, કીહાં કામધેનુ કીહાં છાગવીરં ॥૧૦॥ કીહાં સત્યવાચા કીહાં કૂડવાણી, કીહાં રંકનારી કીહાં રાયરાણી, કીહાં નારકીને કીહાં દેવભોગી, કીહાં ઈંદ્ર દેહી કીહાં કુષ્ટ રોગી, ॥૧૧॥ કીહાં કર્મઘાતી કીહાં કર્મ ધારી, નમો વીર સ્વામી ભજો અન્ય વારી, જિસી સેજમાં સ્વપ્નથી રાજ્ય પામી, રાચે મંદ બુદ્ધિ ધરી જેહ સ્વામી ॥૧૨॥ અથીર સુખ સંસારમાં મન રાચે, તે જના મૂઢમાં શ્રેષ્ટશું ઈષ્ટ છાજે, તજો મોહ માયા હરો દંભ રોશી, સજો પૂણ્ય પોશી ભજો તે અરોશી ॥૧૩॥ ગતિ ચાર સંસાર અસાર પામી, આવ્યા આશ ધારી પ્રભુ પાય સ્વામી, તુહીં તુહીં તુહીં પ્રભુ પર્મ રાગી, ભવફેરની શૃંખલા મોહ ભાંગી ॥૧૪॥ માંનીયેં વીરજી અર્જછે એક મોરી, દીજે દાસકું સેવના ચર્ણ તોરી, પુણ્ય ઉદય હુઓ ગુરૂ આજ મેરો, વિવેકે લહ્યો મેં પ્રભુ દર્શ તેરો ॥૧૫॥ ઈતિ શ્રી મહાવીર સ્વામીનો છંદ સંપૂર્ણ ॥

અથ શ્રી સોલ સતીનો છંદ.

આદિ નાથ આદેં જિનવર વંદી, સફલ મનોરથ કીજિયેં એ, પ્રભાતે ઉઠી માંગલિક કાંમેં, સોલ

સતીનાં નામ લીજિયેંએ ॥૧॥ બાલ કુમારી જગ હિતકારી, બ્રાહ્મી ભરતની બેહેનડીએ, ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપેં, સોલ સતીમાં જેવડીએ ॥૨॥ બાહુબલ ભગિની સતીય શિરોમણી, સુંદરી નામે રિષભ સુતાએ, અંક સ્વરુપી ત્રીભુવન માંહે, જેહ અનુપમ ગુણ જુતાએ ॥૩॥ ચંદનબાલા બાલપણેંથી, શીયલવંતી શુદ્ધ શ્રાવિકાએ; અડદના બાકુલા વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકાએ ॥૪॥ ઉગ્રસેન ધુઆ ધારિણી નંદની, રાજિમતી નેમ વલ્લભાએ; જોવન વેશેં કામનેં જીત્યો, સંજમ લેઇ દેવ દુલ્લભાએ ॥૫॥ પંચ ભરતારી પાંડવ નારી, દ્રુપદ તનયા વખાણીયેંએ; એકસો આઠે ચીર પુરાણાં, શીયલ મહિમા તસ જાણીયેંએ ॥૬॥ દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશલ્યા કુલ ચંદ્રિકાએ; શીયલ સલૂણી રામ જનેતા, પૂણ્ય તણી પ્રનાલિકાએ ॥૭॥ કૌશંબિક ઠામે સંતાનિક નામેં, રાજ્યકરે રંગ રાજીયોએ; તસ ઘર ઘરણી મૃગાવતી સતી, સુર ભુવનેં જશ ગાજીયોએ ॥૮॥ સુલસા સાચી શીયલેં નકાચી, રાચી નહીં વિષયારસેએ; મુખડું જોતાં પાપ પલાએ, નામ લેતાં મન ઉલ્લસેએ ॥૯॥ રામ રઘુવંશી તેહની કામની, જનક સુતા સીતા સતીએ; જગ સહૂ જાણે ધીજ કરંતાં, અનલ શીતલ થયો શીય

લથીએ ॥૧૦॥ સુર નર વંદિત શીયલ અખંડિત, શીવા શિવપદ ગામિનીએ; જેહુને નામે નિર્મલ થઈયેં, બલિહારી તસ નામનીએ ॥૧૧॥ કાચે તાંતણે ચાલણી બાંધી, કૂવાથકી જલ કાઢીયુંએ; કલંક ઉતારવા સતીય સુભદ્રા, ચંપા બાર ઉઘાડીયુંએ ॥૧૨॥ હુસ્તીનાગપુરે પાંડુ રાયની, કુંતા નામે કામિનીએ; પાંડવ માતા દસે દસારની, બેહેન પતિવ્રતા પદ્મની એ ॥૧૩॥ શીયલવતી નામે શીયલવ્રત ધારિણી, ત્રિવિધે તેહુને વંદીયેએ; નામ જપંતાં પાતક જાએ, દરિશણે દુરિત નિકંદીયેએ ॥૧૪॥ નિષિધા નગરી નલહુ નરિંદની, દમયંતી તસ ગેહિનીએ; સંકટ પડતાં શીયલજ રાખ્યું, ત્રિભુવન કીર્ત્તિ જેહુની એ ॥૧૫॥ અનંગ અતીતા જગજન પૂજિતા, પુષ્ફચૂલાને પ્રભાવતીએ; વિશ્વવિખ્યાતા કામિત દાતા, સોલમી સતી પદમાવતીએ ॥૧૬॥ વીરે ભાંખી શાસ્ત્રે સાખી, ઉદય રતન ભાંખે મુદાએ; વાહાણું વાતાં જે નર ભણશે, તે લેશે સુખ સંપદાએ ॥૧૭॥ ઈતિ શ્રી સોલ સતીનો છંદ સંપૂર્ણ ॥

અથ શ્રી ચોવીશ તીર્થંકરનાં નાંમ લખ્યાંછે.

૧ શ્રી રિષભદેવ સ્વામી	૧૩ શ્રી વિમલનાથસ્વામી
૨ શ્રી અજિતનાથ સ્વામી	૧૪ શ્રી અનંતનાથસ્વામી

૩ શ્રી સંભવનાથ સ્વામી
૪ શ્રી અભિનંદન સ્વામી
૫ શ્રી સુમતિનાથ સ્વામી
૬ શ્રી પદ્મપ્રભ સ્વામી
૭ શ્રી સુપાર્શ્વનાથ સ્વામી
૮ શ્રી ચંદ્રપ્રભ સ્વામી
૯ શ્રી સુવિધિનાથ સ્વામી
૧૦ શ્રી શીતલનાથ સ્વામી
૧૧ શ્રી શ્રેયાંસનાથ સ્વામી
૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામી
૧૫ શ્રી ધર્મનાથ સ્વામી
૧૬ શ્રી શાંતિનાથસ્વામી
૧૭ શ્રી કુંથુનાથ સ્વામી
૧૮ શ્રી અરનાથ સ્વામી
૧૯ શ્રી મલ્લિનાથ સ્વામી
૨૦ શ્રી મુનિસુવ્રત સ્વામી
૨૧ શ્રી નમિનાથ સ્વામી
૨૨ શ્રી નેમિનાથ સ્વામી
૨૩ શ્રી પાર્શ્વનાથ સ્વામી
૨૪ શ્રી મહાવીર સ્વામી

ઇતિ શ્રી ચોવીશ તીર્થંકરનાં નાંમ સંપૂર્ણ ॥

પદ ૧ લું.

(લેલી લેલી પુકારૂં મેં બનમેં) એ રાગ ॥

જોયા જેવી જીવ તમારી, ગતિ અંતે નિશ્ચે થનારી. એ ટેક. ચતુરાઈ ચુલામાં પડી, પ્રભુને સમસ્યા નહિં ઘડી; જન્મી લાભ તમે શો લીધો, ધંધો ખોટ તણો ભાઈ કીધો ॥૧॥ વિષયે ઘણો ઘણો તું મહાલ્યો, આપે અવલે મારગ ચાલ્યો; પરનારી પેખીને મોહ્યો, ભેદ કદિએ તપાસી ન જોયો ॥૨॥ ઊંચાં ઊંચાં મંદિરને મેડી, ચાલે નાંમ તાહારાની પેઢી; લાખે લેખાવલી તું કરતો, જીન નામ તે મન

માં ન ધરતો ॥૩॥ દેવ ગુરૂની ભક્તિ ન કીધી, દાન દીનને પાઈ ન દીધી; આવ્યો એવો તું શું રે જવાનો, ખરેખાત નથી તું રેહેવાનો ॥૪॥ જોને ગયા લખે શરી લાખો, હોય પત્તો નો કોઈનો ભાંખો; મેદી માલને મોટા ઝરૂખા, મુકી ચાલ્યા માનના ભુખ્યા ॥૫॥ સાથે ગયું ન કોઇથી જવાનું, એતો થાય છે તેજ થવાનું; ચેતી લેજે ચેતન મારા પ્યારા, હાલ નહિંતો બુરાછે થનારા ॥૬॥ જગદીશને ચરણે નમજે, રૂડી રીતે ઈંદ્રિયોને દમજે; ડાહ્યો થઇને ભજ પરમેશ, થાશે અંતે પછી ખાસું એશ ॥૭॥

પદ ૨ જું:

(ધિ:ક ચુવા ધિ:ક સુજને) એ રાગ ॥

જો જો વિચારીને જીવડા, હૈયું રાખીને હાથજી; જાણુ જરૂર છે ચાલવું, માહાલવું ન સંસારજી; જો જો ॥૧॥ તન છે રંગ પતંગનો, મિથ્યા મથી મરે આપજી; સુત વિત દારા સગું નહીં, નહીં માયને બાપજી. જો જો ॥૨॥ ત્રણ ગતિ તનની કહી, પાલો પોખો વિધે લાખજી; નરક થાય કીડા પડે, થાય અંતે વા ખાખજી. ॥ જો જો ॥૩॥ કંકુ કેસરને કસ્તુરી અત્તર અનોપમ સારજી, ચરચે જે તું અંગને, ખો-

રશે મુકી ભારજી. ।।જો જો ।।૪।। હાથે કર્યું સાથે આ-
વશે, ફાવશે નહીં કાંઇજી; ફુલ્યો ફરેછે સંસારમાં,
ફાંફાં મારીશ ત્યાંઇજી.।। જો જો ।।૫।। મનને ડાહ્યું રા-
ખીને, તન અર્પીને ઇશજી, ધનની દોડ દૂરે કરી,
નામ્ય જીનજીને શિશજી ।। જો જો ।।૬।। સંપૂર્ણ ।।

વિનંતિ.

હું જૈનધર્મી સદ્‌ગ્રૃહસ્થો પ્રત્યે વિનંતિ કરૂછુ કે
આ પુસ્તકની અંદર દરિયાપરી ગચ્છના સંઘાડાના
મહાન્ પૂજ્ય શ્રી ૭ રૂગનાથજી સ્વામી તેમના સમુ
દાયને વિષે મુનિ શ્રી પુરૂષોત્તમજી સ્વામી તે મહાન
પંડિત પૂજ્ય શ્રી ૭ હીરાચંદજી સ્વામી તેમના શિ-
ષ્ય તેમને આ પુસ્તકની અંદર ઘણોજ શ્રમ લીધો
છે. તેમજ આ પુસ્તકની અંદર જાંણવા યોગ્ય વિ-
ષયો પણ તેમને ઘણીજ મહેનત કરી શાસ્ત્ર તપાસીને
દાખલ કરાવ્યાછે, તેમજ મેં પણ તેમના લખાવ્યા
પ્રમાંણેજ લખ્યુંછે, મેં મહારી સ્વમતિ અનુસારે
આ પુસ્તકની અંદર કાંઈ પણ લખ્યું નથી. માટે આ
પુસ્તક લખતાં કોઈ ઠેકાણે કાંનો માત્ર મીંડી વિગેરેથી
અશુદ્ધ જણાયતો પંડિતજન કૃપા કરી શુદ્ધ કરશો.

લ. શા. કચરાભાઇ ગોપાલદાસ. અમદાવાદના.

समाप्त.

સૂચના.

જ્ઞાન દાંન અતિ શ્રેષ્ઠ છે. એમ જાણી શેઠ પાનાચંદ ઝવેરચંદે આ સામાયિક વ્રત નાંમનું પુસ્તક દરિયાપરિ ગચ્છના સજ્જનોને ભેટ (મફત) આપવા માટે છપાવ્યું છે, અને તેજ પ્રમાણે મફત અપાય છે, પરંતુ આ પુસ્તક લેનાર સજ્જને આપનાર ગૃહસ્થની સમક્ષ પોતાથી પાળી શકાય તેવું કોઈપણ વ્રત પચ્ચખ્ખાણ કરી આ પુસ્તક લેવું તેમ છતાં કોઈ શ્રીમંત (પૈસાદાર) માણસને મફત લેવાની ખુશી ના હોય તેમણે આ પુસ્તક આપનાર માણસને છાપા ખરચ બદલ ફક્ત રૂ. ૦-૧-૦ એક આનો આપી આ ચોપડી લેવી.

આ પુસ્તક મળવાનાં ઠેકાંણાં.

અમદાવાદ—શેઠ. પાંનાચંદ ઝવેરચંદ તથા શા. કચરાભાઈ ગોપાળદાસ ઠે. ધનાસુતારની પોળ પડીપોળમાં.

વડોદરા—શા. છગનલાલ ખેમચંદ.

વણછરા—શા. શવચંદ વીરચંદ.

પઈજ—પટેલ. કાલીદાસ કીશોરભાઈ.

ભાદરણ—પટેલ. જીવાભાઈ કીશોરભાઈ.

ઈટોલા—પટેલ. નારણભાઈ વિઠ્ઠલભાઈ.

સુરત—ઝવરી ફત્તેભાઈ હીરાચંદ.

વીસલપૂર—શા. મગનલાલ લક્ષમીચંદ.

ચોરૂમડોદરા—શા. ડોસાભાઈ મોતીચંદ.

વીરમગામ—મોદી. ગોવિંદજી ટોકરભાઈ.

લખતર—શા. કાલુભાઈ અમરસિંહ.

વઢવાણ શેહેર—શા. ગોકલભાઈ લખુભાઈ.

કડી—દોશી. લાલજી ઘેહેલાભાઇ.

કુસોલ—શા. લલ્લુભાઈ કેશલદાસ

પરાંતીજ—શેઠ. કેવલદાસ દલપતરાંમ.

લા. શા. કચરાભાઈ ગોપાળદાસ.